
ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧૧-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### ખેલ મહાકુંભ : રાષ્ટ્રીયતા અને રમતનું રસાયણ

ગુજરાતના તરુણો અને યુવાનો વર્તમાન મુખ્યમંત્રી તરફ વધુને વધુ આકર્ષાતા રહે એવી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો ગુજરાત સરકાર દ્વારા વરસોવરસ થતા રહે છે. એ પૈકી સૌથી વધારે રસપ્રદ કાર્યક્રમ છે 'ખેલ મહાકુંભ'. મોદી શબ્દોના જાદુગર છે. વળી એમણે એવા જ શબ્દના આરાધકોને પોતાની વિવિધ રચનાત્મક અને સવિશેષ તો પ્રચારાત્મક પ્રવૃત્તિઓમાં જોતર્યા પણ છે. રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સંભાળતા સચિવ કવિ પાછા માહિતી ખાતાનો વધારાનો હવાલો પણ સંભાળે છે. 'ખેલ મહાકુંભ'ની ભવ્ય સફળતા એમની દીર્ઘ દૃષ્ટિ અને આયોજન શક્તિને આભારી છે. ભાગ્યે જ કોઈ રાજકારણી કે બ્યુરોક્રેટ સાથે મંચ શેર કરતા પ્રબુદ્ધ વિચારક ગુણવંત શાહ અને ગુજરાતી ભાષાના મોટા ગજાના- વિશ્વસ્તરના કવિ સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા પણ આપણા ખેલસચિવના ફેન છે, તે જ શું સૂચક નથી? આ વખતે મુખ્યમંત્રીશ્રી એમની ભવ્ય સંકલ્પના સમા 'ખેલ મહાકુંભ'નું ઉદ્‌ઘાટન કરવા માટે સમય ફાળવી શક્યા નથી. હવે એ રાષ્ટ્રીય ખેલાડી બની ગયા છે, પછી રાજયકક્ષાની રમતગમત પાછળ વખત બગાડવો એમને પોસાય ખરો? એમનો ખેલ બગાડવા પણ ઘણા બધા જૂના-નવા ખેલાડીઓ કૂદી પડ્યા છે એટલે તેઓએ રાજકોટમાં યોજાઈ રહેલ આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવા માટે ભૂતકાળમાં એમને રાજકોટની બેઠક ખાલી કરી આપનારા- ક્યારેક કેશુભાઈ પટેલના જમણા હાથ એવા વર્તમાન વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાની નિમણૂક કરી છે! આ વર્ષે તો ૩૯ લાખ જેટલા રમતવીરો મેદાનમાં ઊતરી રહ્યા છે. જે પૈકી ૧૦ હજાર તો કહે છે કે સિનિયર સિટિઝન્સ છે. 'ખેલ મહાકુંભ'માં ખેલને એક અણધારી ઊંચાઈએ મૂકવાની મોદીની સંકલ્પના છે. ગુજરાતનો યુવાન સામાન્ય રીતે રમતગમતમાં પાછો પડે છે. એ સુંવાળો જીવ છે. 'ખેલ મહાકુંભ' દ્વારા એને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓળખ ઉપલબ્ધ કરાવાઈ છે. વાત છે રમવાની અને રમાડવાની; પરંતુ મોદીનું ગોત્ર તો હિંદુરાષ્ટ્રની સંકલ્પના રજૂ કરનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છે. તેથી તેઓ રમતનો પણ કુંભમેળો- બલકે 'મહા કુંભ' યોજે છે. કુંભ એ રાષ્ટ્રીયતાનું પ્રતીક છે અને એમાં ભારતીય સંસ્કૃતિની સુવાસ છે. કુંભ તો દર બાર વર્ષે ભરાતો હોય છે. મોદી સાહેબનો કુંભ (સોરી, 'મહા કુંભ') દર વર્ષે ભરાવા લાગ્યો છે. પેલા કુંભમાં દુનિયાભરના બાવા ભેગા થાય છે, આ મહાકુંભમાં રમત રમાડીને અને પકવાન જમાડીને ગુજ્જુ તરુણોને 'બાવા' બનાવાય છે- કેસરિયા રંગે રંગી દેવાય છે: એમને ખબર પણ ન પડે એટલી સિફતથી. અલબત્ત રમવું એ સારી પ્રવૃત્તિ છે. સચીન તેંડુલકર થોડો મોડો જન્મ્યો હોત અને મુંબઈને બદલે અમદાવાદ- વડોદરા- સુરત કે રાજકોટ જેવા ગુજરાતી શહેરમાં જન્મ્યો હોત તો એને પણ સાહેબના મહાકુંભમાં ડૂબકી લગાવવાની તક મળત!

# વેકેશન બાદ ફરી ચાલુ થયેલી શાળાઓ મધુર કોલાહલથી ગુંજી ઉઠી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૨

દિવાળી વેકેશનની ૨૧ દિવસની રજાઓ પૂર્ણ થતા શાળા-કોલેજો ફરી ધમધમી ઉઠી હતી. શહેરની શાળાઓ બાળકોના મધુર કોલાહલથી ગુંજી ઉઠી હતી.

૨૧ દિવસના વેકેશન પત્યા પછી આજરોજ ફરીથી ચાલુ થયેલી શાળાઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી હાજર થઈ ગયા હતા. શાળા પરિવારના કર્મચારીઓએ પણ બાળકોને નૂતન વર્ષના નવા સત્રમાં બાળકોને ઉમળકાભેર આવકારતા દેખાયા હતા.

શાળા કોલેજ વિસ્તારોમાં લાંબા સમયથી ફેલાયેલા સૂનકારમાં એકાએક ટ્રાફિકનો ધમધમાટ મચી જવા પામ્યો હતો. સ્કૂલ વર્ધીના ડ્રાયવરોએ પોતાના વાહનમાં આવતા વિદ્યાર્થીઓને ઉત્સાહથી આવકાર્યા હતા. રસ્તાઓ પર ફરીથી શૈક્ષણિક સંસ્થાઓ છુટવાના સમયે ટ્રાફીક જામના દશ્યો સર્જાયા હતા. ઠેર ઠેર બાળકો શાળાના ગણવેશમાં દેખાયા હતા તો ઠંડીની સીઝનના કારણે કેટલીક જગ્યાએ રંગબેરંગી સ્વેટર અને ટોપીમાં ભૂલકાઓ શાળાએ જતા નજરે ચઢતા હતા.

## હરિની દૃષ્ટિ...



તારા બધા રીપોર્ટ સારા આવ્યા છે, ને ઉપરાંત તું પૈસાદાર પણ નથી... એટલે ચિંતા ના કર દવાની જરૂર નથી.

## સાયન્સ અને સોસાયટી થીમ પર નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ-૨૦૧૩-૧૪ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા જિલ્લાની માધ્યમિક શાળાઓ માટે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ-૨૦૧૩-૧૪નું આયોજન કરવામાં આવ્યું છે. નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વર્ષ દરમિયાન સાયન્સ વિશેના અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે વિદ્યાર્થીઓ સાયન્સ વિશેની વિસ્તૃત માહિતી મેળવે અને તેમની શક્તિઓ બહાર લાવે તે માટે જિલ્લાની માધ્યમિક શાળાઓ માટે તા. ૨૫ નવેમ્બરના રોજ સવારે ૭.૦૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે. ૨૩ ખાતે યોજવામાં આવનાર છે.

આ વર્ષે વિદ્યાર્થીઓ સાયન્સ અને સોસાયટીની થીમ જળ સહયોગ, હરિત ઉર્જા, આરોગ્ય અને તંદુરસ્તી, વૈજ્ઞાનિકનું જીવન અને કાર્ય વિષય અંતર્ગત વિદ્યાર્થીઓ વિજ્ઞાનનો સંદેશ આપશે. જેનો સમયગાળો ૩૦ મીનીટ અને નાટકમાં કુલ ૮ સભ્યો રહેશે.

૨૦૧૩-૧૪ ડ્રામામાં વિજેતા થયેલ જિલ્લાકક્ષાની ટીમ તા. ૨૭ નવેમ્બરના રોજ સાયન્સસીટી અમદાવાદ ખાતે ભાગ લેશે. અને રાજ્ય કક્ષામાં વિજેતા થયેલ ટીમને વેસ્ટર્ન ઝોન લેવલ કોમ્પીટીશન માટે નહેરુ સાયન્સ સેન્ટર મુંબઈ ખાતે ભાગ લેવા મોકલવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કો.ઓડીનેટર હાર્દિક મકવાણા- ૯૪૨૬૪-૫૧૧૦૨ પર સંપર્ક કરવો.

## કલોલ રાજપુત સમાજનો રવિવારે સ્નેહમિલન સમારંભ

કલોલ રાજપુત સમાજનો તા. ૨૪મી નવેમ્બરના રોજ સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. મુખ્ય મહેમાન તરીકે શંકરસિંહજી ગોહિલ એડવોકેટ અને પૂર્વ સરપંચ રાંદેસણ, સેન્ટ્રલ ગર્વમેન્ટ કાઉન્સીલના અતિથિ વિશેષ પદે હરસિદ્ધ કન્સ્ટ્રકશન ગાંધીનગરના દિનેશસિંહ વાઘેલા, કલ્વેલના સત્યનારાયણ મંદિરના મહંત પ.પૂ. રામમનોહરદાસજી મહારાજ હાજર રહેશે. બપોરે ૨.૦૦ કલાકે સત્યનારાયણ મંદિરમાં કાર્યક્રમ યોજાશે.

## પ્રેરણા વિદ્યાલય સે. ૫ દ્વારા યોગ શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૨

સ્વામી વિવેકાનંદ ડિસ્ટીક્ટ યોગાવેલનેસ સેન્ટર (પ્રેરણા વિદ્યાલય, સે. ૫) દ્વારા યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા શિબિરનું આયોજન તા. ૧ થી ૨૦ ડિસેમ્બર સવારે ૭.૩૦ થી ૮.૩૦ કલાક દરમ્યાન સે. ૫-એના બગીચા ખાતે કરવામાં આવ્યું છે.

મનુષ્ય એક પ્રાકૃતિક પ્રાણી છે. પ્રકૃતિક જ તેની પાલનકર્તા છે. ત્યારે આજના યુવાનો કુદરત અને કુદરતી વસ્તુઓથી દૂર થવા લાગ્યા છે. ત્યારે યોગ એ ઉત્તમ ક્રિયા છે. યોગ કરવાથી મનુષ્યનું શરીર શૌષ્ઠવ સારૂ રહે છે. ત્યારે આ યોગ શિબિર શહેરના યુવાનોનો ઉત્કૃષ્ઠ પ્રદાન કરશે.

શિબિરમાં યોગ ઉપરાંત જલનેતી, રબરનેતી, વમન, કુંજલ, લઘુશંખ અને પ્રક્ષાલન જેવી ચિકિત્સાનું નિદર્શન કરી તેના વિશેની વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવશે. શિબિરમાં ભાગ લેનાર વ્યક્તિએ ફોન. ૨૩૨-૪૬૦૦૭ ઉપર સંપર્ક કરવો.



શહેરની પ્રતિષ્ઠિત સેંટ ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ કરાટે ચેમ્પિયનશીપમાં ૧૭ નવેમ્બરના રોજ દમણ ખાતે ભાગ લઈ શાળાના વિદ્યાર્થીઓ અભિજીત ભાવે અને મંથન કાંબલેએ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા સુવર્ણ ચંદ્રક મેળવ્યા હતા. આ પ્રસંગે શાળા પરિવાર અને આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

## બાલવા ગામનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૨

રાજયકક્ષાની અન્ડર-૧૯ એથ્લેટિક્સ સ્પર્ધા રાજપીપળા ખાતે યોજાઈ ગઈ. જેમાં બાલવા ખાતે આવેલી શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલના વિદ્યાર્થી અક્ષય ચૌધરીએ ગાંધીનગર જિલ્લાનું નેતૃત્વ સંભાળ્યું હતું.

સ્પર્ધામાં લાંબીકૂદ, ઊંચીકૂદ, લંગડીફાળ કૂદ જેવી રમતો રમવામાં આવી હતી. ત્યારે લાંબીકૂદ અને લંગડીફાળ કૂદમાં સમગ્ર રાજ્યમાં દ્વીતીય સ્થાન પ્રાપ્ત કરી જિલ્લા અને બાલવા ગામનું ગૌરવ વધારેલ છે. જેથી શાળાના વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર પટેલ, આચાર્ય અર્જુનસિંહ પરમાર અને ટ્રસ્ટીઓ દ્વારા સિદ્ધિ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## પરિચય અને અમલીકરણ વિષયક રાજ્યકક્ષાનો એક દિવસીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના ગ્રંથાલયો માટે રાજ્ય સરકાર અને રાજા રામમોહન રૉય લાયબ્રેરી ફાઉન્ડેશન કલકત્તાની વિવિધ મેચીંગ અને નોન મેચીંગ આર્થિક સહાયની યોજનાઓનો પરિચય અને અમલીકરણ વિષયક રાજ્યકક્ષાનો એક દિવસીય પરિસંવાદ તા. ૨૪ નવેમ્બર રવિવાર, બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ કડી વિદ્યાલય, ફાર્મસી કોલેજ કેમ્પસ, સે. ૨૩ ખાતે ગુજરાત રાજ્યના મંત્રી રમણલાલ વોરાના અધ્યક્ષ પદે અને ભાગ્યેશભાઈ જહા સચિવશ્રી રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મહેમાન પદે યોજવામાં આવશે.

# એક લાખથી વધુ મહિલાઓને આત્મ રક્ષણની તાલીમ અપાશે

### સ્ત્રી સશક્તિકરણ માટે રાજ્ય સરકારનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે : જૂડો, કરાટે જેવા માર્શલ આર્ટની તાલીમ અપાશે

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની આ વર્ષે ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ રહી છે તેના ભાગરૂપ રાજ્ય સરકારે સ્ત્રી સશક્તિકરણના અભિગમ સાથે કન્યાઓને સશક્ત બનાવવા પડકાર હિંમતપૂર્વકના સામનાથી મજબુત સ્વરક્ષણનો કાર્યક્રમ અમલમાં મુક્યો છે. રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે, દશમાં નારી સુરક્ષાને લઈને જે ચિંતા પ્રવર્તે છે તેનો ઉકેલ ગુજરાતને શોધી કાઢ્યો છે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ સમગ્રરાજ્યમાં કન્યાઓને સશક્ત બનાવવા આત્મરક્ષણની પ્રાથમિક તાલીમ આપવામાં આવશે. તા. ૨૩-૧૧-૨૦૧૩ના રોજ ખેલમહાકુંભ ૨૦૧૩ના પ્રારંભ પ્રસંગે પ્રથમ તબક્કામાં જ ૧૨૫૦ કન્યાઓને તાલીમ આપીને પડકાર કાર્યક્રમનો પ્રારંભ થશે. સ્વામી વિવેકાનંદ કહેતા કે, સ્ત્રી સશક્તિકરણનો અભિગમ અપનાવ્યા વિના માનવજાતનું કલ્યાણ શક્ય નથી.

આમાંથી પ્રેરણા લઈને રાજ્ય સરકારે આ કાર્યક્રમ અમલમાં મુક્યો છે. પડકાર કાર્યક્રમ હેઠળ ૧ લાખથી વધુ કન્યાઓને આત્મરક્ષણની જરૂરી તાલીમ અપાશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઘુજરાત મારફતે અમલમાં મુકાયેલા આ કાર્યક્રમમાં ૪૦૦ જેટલા બ્લેકબેલ્ટ ધરાવતા પ્રશિક્ષકો કન્યાઓને સઘન તાલીમ આપશે. આ કાર્યક્રમ હેઠળ ઉંમર કે શિક્ષણના બાધ વગર શાળા, કોલેજ જતી કન્યાઓ કે કોઈપણ ગૃહિણીઓ સ્વરક્ષણ માટેના ઉપાયોની જાણકારી પ્રાપ્ત કરી શકસે અને હુમલા સામે યોગ્ય પ્રતિકાર કવરા સક્ષમ બની શકશે. જુડો, કરાડે, ફુંગ-ફું જેવી માર્શલ આર્ટસનો સમન્વય કરીને આ કાર્યક્રમમાં કેટલીક ખાસ પ્રકારની ટેકનિકોની જાણકારી ઉપરાંત પ્રત્યેક તાલીમાર્થીને માનસિક રીતે દ્રઢતા પ્રદાન કરવાનું આયોજન છે જેથી તાલીમાર્થી મહિલાઓ શક્તિ, સહનશીલતા, ઝડપ, ચપળતા જેવા શારીરિક ફાયદાઓની સાથે માનસિક શક્તિ, આત્મ વિશ્વાસ અને માનસિક તાણમાંથી રાહત જેવા મનોવૈજ્ઞાનિક ફાયદાઓ પણ મેળવી શકશે.

# ગાંધીનગર જિલ્લાના ખેડૂતે રાજય કક્ષાના કૃષિમંત્રીના હસ્તે ગૌરવ એવોર્ડ




ગાંધીનગર, તા.૨૨

ભારત દેશ એક ખેતી પ્રધાન દેશ છે ત્યારે દેશના અનેક રાજયોના ખેડૂતો ખેતીમાં મબલક પાક મેળવવા અથાગ પ્રયત્નો સાથે પોતાની સુઝ દ્વારા ખેતી કરતા હોય છે. ત્યારે રાજયના પ્રગતિશીલ ખેડૂતોને કૃષિમંત્રીના હસ્તે પાંચ કેટેગરીમાં પુરસ્કાર અર્પણ કરી સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ફિલ્ડમેન એન્જીનીયર્સ અને ડોકટર પમ્પ્સ રાજકોટની કંપનીએ સિલ્વર જયુબીલી નિમિત્તે રાજયના પ્રગતિશીલ ખેડૂતોને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગ્રામ વિકાસ માટે પાંચ લાખના પુરસ્કાર આદિવાસી ગામને આપવામાં આવ્યા હતાં.

કાર્યક્રમમાં ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓને વેગ મળે એવા ઉમદા હેતુથી સામાયિક ગ્રામ સેતુ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. પ્રગતિશીલ ખેડૂત પુરસ્કાર દહેગામ તાલુકાની મંગલભારતી ઉ.બુ. કૃષિ વિદ્યાલય માછંગ (માણેકપુર)ના ટ્રસ્ટી શંકરભાઈ નાથાભાઈ પટેલે કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપવાનું દષ્ટાંત પુરું પાડયું હતું. જેથી ગુજરાત રાજયના રાજય કક્ષાના કૃષિ મંત્રી ગોવિંદભાઈ પટેલના વરદ હસ્તે સન્માન કરી પચીસ હજાર અને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો.

હેમુ ગઢવી ઓડીટોરીયમ રાજકોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગૌ સેવા વિકાસ બોર્ડના ચેરમેન વલ્લભભાઈ કથીરીયા અને ફીલ્ડમેન એન્જીનીયર્સના મેનેજીંગ ડાયરેકટર પરસોત્તમ કામાણી તેમજ મોટી સંખ્યામાં ધરતી પુત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

# ગુજરાત વિદ્યાપીઠમાં બિસ્માર કેમ્પસના આંતરિક રોડનું સમારકામ ટલ્લે ચડ્યું

### મોટા ઉપાડે શરૂ કરવામાં આવેલ સમારકામ ફરીથી ઠપ કેમ્પસના બિસ્માર રસ્તાઓથી વિદ્યાર્થીઓ ખૂબ પરેશાન

અમદાવાદ, તા.૨૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત અને રાષ્ટ્રિય સ્તરે ખ્યાતિ પામેલ ગુજરાત વિદ્યાપીઠનું બિસ્માર કેમ્પસ રોડનું સમારકામ અધવચ્ચે પડતું મુકાતા હાલ વિદ્યાર્થી હોસ્ટેલ બ્રીજથી માંડી હોસ્ટેલ સુધી અને પ્રાણજીવન ભવનથી કેન્ટિન તરફ જતો રસ્તાનું સમારકામનું કાર્ટ ઠપ પડી ગયું છે. ગુજરાત વિદ્યાપીઠમાં છેલ્લા ઘણાં સમયથી કેમ્પસ રોડ બિસ્માર હતો. પણ આ વર્ષે દિવાળી પહેલા અડધા કેમ્પસ રોડનું સમાર કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું પરંતુ અડધા કેમ્પસ રોડનું સમારકામ ઠપ છે તેથી કેમ્પસ અડધુ બિસ્માર છે. ગુજરાત વિદ્યાપીઠ સાથે દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ જોડાયેલુ હોવાથી ઐતિહાસિક વિદ્યાપીઠની દર વર્ષે લાખોની સંખ્યામાં દેશ પરદેશથી લોકો મુલાકાત અર્થે આવે છે પણ દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનાર મહાત્મા ગાંધી દ્વારા સ્થાપાયેલ વિદ્યાપીઠમાં સત્તાધીશો બિસ્માર કેમ્પસ રોડનું પણ સમારકામ કરાવી શકતા નથી. હાલ પણ દરરોજ હજારો લોકો વિદ્યાપીઠની મુલાકાત લે છે પણ બિસ્માર કેમ્પસ રોડ જોઈ તેઓ ગાંધીજી દ્વારા સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠ કેમ્પસ રોડની બિસ્માર હાલત જોઈ વિદ્યાપીઠ અંગે નકારાત્મક ભૂમિકા બાંધતા હશે. ગત વરસાદની સિઝનમાં અમદાવાદ શહેર આખું તો ખાડામાં ગયું હતું તેની સાથે ગુજરાત વિદ્યાપીઠ પણ બાકાત ના રહી શકી. દિવાળી પૂર્વે કેમ્પસ રોડનું રિસરફેસ કામ હાથ ધરાયું હતું પણ અડધુ રિસરફેસ કામ કરી અડધુ રિસરફેસ કામ અધવચ્ચે છોડી દેવામાં આવ્યું હતું જે આજદિન સુધી ચાલુ થયું નથી. સત્તાધીશોને કેમ્પસ રોડ રિસરફેસ કરાવવા અર્થે શું મુશ્કેલીઓ નડી રહી છે તેનાથી સમગ્ર લોકો અજાણ છે પણ કેમ્પસ રોડ બિસ્માર છે તેનાથી સૌ કોઈ વાકેફ છે.



બ્લાઈન્ડ પેપર એસોસિએશનના વિદ્યાર્થીઓ દ્વારા પેઈન્ટીંગ સ્પર્ધા યોજાઈ હતી.

# રોટરી ક્લબ યોજિત બાળ ચિત્ર સ્પર્ધાને અભૂતપૂર્વ પ્રતિસાદ

ગાંધીનગર, તા.૨૨

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને કલરવ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમી અને જેસીસના સહકારથી પર્યાવરણ વિષય પર તા. ૨૪મી નવેમ્બરે રવિવારે યોજાનારી ચિત્ર સ્પર્ધાને ખૂબ જ ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડ્યો છે. આ સ્પર્ધા સેક્ટર-૧૭માં આવેલા ટાઉનહોલ સામેની લોનમાં યોજવામાં આવનાર છે.

આ ડ્રોઈંગ કોમ્પીટીશનમાં આયોજક સંસ્થાઓએ ધાર્યા કરતા પણ તેમને બમણો પ્રતિસાદ સાંપડ્યો છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નામ નોંધાવવા બાળકોના રજીસ્ટ્રેશન ફોર્મનું વિતરણ અને ફોર્મ પરત આપવાનું કાર્ય સતત ચાલુ રહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પર્યાવરણની થીમ ઉપર આધારિત આ ચિત્ર સ્પર્ધા કુલ ત્રણ કેટેગરીમાંથી ત્રણ ત્રણ કરીને એમ કુલ ૯ વિજેતાઓ ઘોષિત કરાશે. જેમને રોકડ પુરસ્કાર આપવામાં આવનાર છે તેમજ આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવનાર છે. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને ચિત્ર દોરવા માટે ડ્રોઈંગ શીટ, કલર, પેન્સીલ, શાર્પનર, રબ્બર અને સ્કેલ વગેરેની એક કીટ આયોજકો તરફથી વિનામૂલ્યે આપવામાં આવશે.

આ સ્પર્ધાને સફળ બનાવવા રોટરી ક્લબના રાહુલ મહેતા, એચ. એમ. પટેલ, સમીર ત્રિવેદી તેમજ કલરવ સંસ્થાના આશિષ પટેલ વગેરેએ અને તેમની ટીમે અથાગ મહેનત કરી છે. આ ચિત્ર સ્પર્ધા ૨૪મી નવેમ્બરે રવિવારે સવારે ૮ વાગ્યાથી ૧૦.૩૦ વાગ્યા સુધી ટાઉનહોલ સામેની લોનમાં યોજાનાર છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧